# દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશન.

પ્રાથમિક શિક્ષક ભવન, માંડવી. તા. માંડવી, જિ. સુરત. વા. કીમ પીન.૩૯૪૧૬૦
ફોન નં. (૦૨૬૨૩) ૨૨૧૦૦૬. Website:- www. Chaudharifederation.com.

Registered Under:- (૧) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦. રજી. નં. એફ/૧૪૩૪/સુરત. તા.૧૮/૧૦/૨૦૦૭
(૨) સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦. રજી. નં. ગુજ./૧૫૩૬/સુરત. તા.૧૮/૧૦/૨૦૦૭

## :: દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની સિધ્ધિઓ અને સંકલ્પો ::

## વ્યકિત વિના સમાજ નથી સમાજ વિના વ્યકિત નથી.

આપ સૌ જાણો છો તેમ આપણાં સમાજના ઘણાં કુંટુંબો નોકરી અને વ્યવસાય અર્થે ગુજરાતના જુદા જુદા જિલ્લાઓ, તાલુકાઓ અને શહેરોમાં વસેલા છે. તેઓ એ તેમનાં વસવાટના જિલ્લા/તાલુકા/શહેરોમાં એક બીજાને મદદરૂપ થવા, હળીમળીને રહેવા, હુંફ મેળવવા, સામાજીક ભાઈચારો કેળવાય અને જળવાઈ રહે, સુખદુઃખમાં ભાગીદાર થવા માટે ચૌધરી સમાજ સંગઠનોની રચના કરી છે. આવા ૧૨ જેટલા ચૌધરી સમાજના સંગઠનો અત્યારે જુદા જુદા જિલ્લા/તાલુકા/શહેરોમાં તેમનાં કાર્યક્ષેત્રમાં વિવિધ પરંતુ સિમિત પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે.

નોકરી અને વ્યવસાય થકી બે પાંદડે થયેલા સમાજના ઘણાં સભ્યોની આંતરિક ભાવના પણ છે, કે માદરે વતનના વિકાસથી વંચિત વિશાળ સમાજના સભ્યો માટે કંઈક કરીએ, પરંતુ નોકરીઓની જવાબદારી, કૌટુંબિક જવાબદારી અને સમયનો અભાવ તથા માદરે વતનમાં સામાજીક જવાબદારી અદાકરતા નકકર કાર્યક્રમો કે સંસ્થાગત માળખાના અભાવને કારણે કોઈ નકકર કામો કરી શકાતા ન હતાં.

આપણાં સમાજની મોટાભાગની વસ્તી સુરત, તાપી, ભરૂચ અને નવસારી જિલ્લાઓમાં છે. અન્ય બધી જ જાતિઓએ પોત પોતાના સમાજ માટે " સમાજ સંગઠનો " ની રચનાઓ કરી છે. ત્યારે આપણે ચૌધરીઓ કેમ પાછળ રહીએ. એક છત્ર હેઠળ કેમ ન આવીએ ? આવા ઉમદા વિચાર સાથે અમદાવાદ/ગાંધીનગર ચૌધરી સમાજની કારોબારી બેઠકમાં ૨૦૦૬માં મહાસંઘ[ફેડરેશન]રચવા ઠરાવા કરવામાં આવ્યો અને જુદી જુદી જગ્યાએ વડીલો/આગેવાનો/શુભેચ્છકો સાથે બેઠકોનું આયોજન કરીને અંતે તા.૨૧/૦૧/૨૦૦૭ના રોજ ચૌધરી સમાજની કુળ દેવી મહાકાળી માતાનાં સાંનિધ્યમાં પાવાગઢ ખાતે ઐતિહાસિક ઘટના રૂપે તમામ ચૌધરી સમાજોના સહયોગથી " દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન)ની રચના કરવામાં આવી. જેના ઉદ્દેશો/હેતુઓ નીચે મુજબ રાખવામાં આવ્યા.

**ફેડરેશનના ઉદ્દેશો (હેતુઓ):**

(૧) રાજયમા રાજય બહાર તથા પરદેશમાં નોકરી ધંધા અર્થે વસતા સમાજના ભાઈઓ તથા બહેનોને સંગઠિત કરવા અને તેમનામાં ભાતૃભાવના પેદા કરવી. સંસ્થા દરેક સભ્ય તથા તેમના પરિવાર સાથે એક સેતુ તરીકે કામ કરશે.

(૨) સમાજના સામુહિક ઉત્કર્ષ અને ઉન્નતી માટેના પ્રયાસો કરવા તે માટે આર્થિક, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક તેમજ આરોગ્ય વિષયક મદદ થાય તેવી પ્રવૃત્તિઓ કરવા એક સ્વૈચ્છિક સંસ્થા તરીકે કામગીરી કરશે.

(3) સમાજના ભાઈ, બહેનો, યુવાનો, બાળકો માટે રમત ગમત પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, પ્રવાસોનું આયોજન તથા શૈક્ષણિક માર્ગદર્શન, કારકિર્દી, વ્યવસાયલક્ષી માર્ગદર્શન કેન્દ્રોનું સંચાલન કરવું.

(૪) સમાજના પ્રગતિશીલ ખેડૂતોને ખેતીને આધુનિક પદ્ધતિએ વ્યવસાયલક્ષી ખેતીના વિકાસ માટેના માર્ગદર્શન શિબિરો તથા પ્રવાસનું આયોજન કરવું. ખેતી અંગે તાલીમ, બાગાયત, ટપક પદ્ધતિ, ચેક ડેમ વગેરે પ્રવૃત્તિઓ કરવી કરાવવી.

(૫) સમાજના ભાઈઓ/બહેનો તથા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે શૈક્ષણિક સુવિધાઓ માટે શાળા-કોલેજ-હોસ્ટેલની સુવિધાઓ ઊભી કરી સંચાલન કરવું. સમાજ ભવન-વાડી, વૃદ્ધાશ્રમ વગેરે પાયાની સગવડો ઉભી કરવી તથા તેનું સંચાલન/માર્ગદર્શન કરવું અને તેના સંચાલન માટે કર્મચારીઓની ભરતી/નિમણૂંકો કરવી.

(૬) સમાજની રૂઢિગત પ્રણાલિકાઓ, ભાષા(બોલી) અને સંસ્કૃતિનો નાશ થતો અટકાવી તેના રક્ષણ અને જતન માટેના પ્રયાસો કરવા, સમાજમાં વ્યાપ્ત કુરિવાજો/બદીઓ નાબુદ કરવા પ્રયાસો કરવા તથા સમાજ બિનસાંપ્રદાયિક રાષ્ટ્રીય પ્રવાહમા ભળીને ઉન્નત મસ્તકે જીવી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા પ્રયત્નો કરવા.

(૭) સમાજના ભાઈ/બહેનોમાં જ્ઞાનની સાથે સાથે શૈક્ષણિક પ્રગતિ, સામાજીક પ્રગતિ, વિકાસ અને સુધારા અંગે બહોળા પ્રચાર-પ્રસાર માટે જરૂરી પગલાં ભરવા, પુસ્તકાલયો શરૂ કરવા સમાજ મારફતે સમાજનું માસિક/ છ-માસિક અથવા વાર્ષિક મુખપત્ર શરૂ કરવું. કારોબારી નકકી કરે તે લવાજમ રાખવું.

(૮) સમાજના લોકોને જીવન જરૂરિયાતની તેમજ સાહિત્ય સ્ટેશનરી જેવી ઈતર ચીજવસ્તુઓ પુરી પાડવા તથા છાપકામ છાપી આપવા, પ્રિન્ટીંગ પ્રેસ, કન્ઝયુમર્સ સ્ટોર્સ, કેન્ટીન, પેટ્રોલ-ગેસ એજન્સી, દવાની દુકાન, ખેતીવાડીના સાધનો, ખાતર ડેપો, બિયારણ, વાજબી ભાવની દુકાન વગેરે ચલાવવા, આ કામે કર્મચારીઓની ભરતી/નિમણૂંકો કરવી.

(૯) રાજય તથા કેન્દ્ર સરકારશ્રીમાંથી શૈક્ષણિક, આરોગ્ય, આર્થિક અને સામાજીક ઉત્કર્ષ માટેનું કોઈપણ અનુદાન મેળવી શકશે.

(૧૦) સમાજથી દુર નોકરી ધંધાર્થે શહેરો/નગરોમાં વસતા જાતિ બંધુઓને મળવાનું માધ્યમ ન હોવાથી એકબીજાની સાથે હળીમળી શકતા નથી તો આ ફેડરેશન દશેર સભ્યો તથા તેમનાં પરિવારજનોના સેતુ તરીકે કામગીરી કરશે.

(૧૧) ફેડરેશન દ્વારા વર્ષમાં એકવાર રોટેશન મુજબ જુદા જુદા શહેરોમાં તાલુકા અથવા જિલ્લા કક્ષાએ સ્નેહ સંમેલન રાખવામાં આવશે, જેના દ્વારા સભ્યો તેના પરિવાર સાથે અન્ય સભ્યોને મળી શકશે જે તેમનાં સામાજીક અને વ્યવહારિક સંબંધો વધારશે.

(૧૨) ફેડરેશન સમાજના દરેક ભાઈ/બહેનોના આર્થિક અને સામાજીક હકકોનું રક્ષણ કરશે અને જરૂર પડે યથાયોગ્ય સમયે ભારતના બંધારણીય હકકોની રૂએ તેમને મદદરૂપ થવા તત્પર રહેશે.

(૧૩) ફેડરેશન દ્વારા વાર્ષિક સ્નેહ સંમેલનમાં સમસ્ત દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨, મેડીકલ, એન્જીનીયર, એમ. ફીલ., પી. એચ. ડી. જેવા વાર્ષિક પરિણામોને આધારે તેજસ્વી તારલાઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે, જે બાબત ચેરીટેબલ ટ્રસ્ટ(ફેડરેશન)ની નાણાંકીય સ્થિતિ જોઈ કારોબારી દ્વારા નકક કરવામાં આવશે.

(૧૪) સમસ્ત દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજમાંથી વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર વિશિષ્ટ વ્યકિતઓનું ચૌધરી સમાજ અન્ય પુરસ્કારથી સન્માન કરવામાં આવશે.

(૧૫) સમાજના શિક્ષિત બેરોજગાર યુવક/યુવતિઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ અન્ય બાબતો અંગે માર્ગદર્શન કેમ્પો શરૂ કરશે, તથા કોચીંગ કેન્દ્રો પણ ચલાવશે. ધંધાકીય રોજગારી માટે તાલીમ આપવી, બેરોજગારોને રોજી મળે તેવી તકો પુરી પાડવી.

(૧૬) ફેડરેશનના સફળ સંચાલન માટે પગારદાર કર્મચારીઓની નિમણૂંક કરશે અને તેનાં નિયમો બનાવશે.

(૧૭) કુદરતી/માનવસર્જીત આપત્તિઓમાં સમાજના બાંધવોને યથાયોગ્ય મદદનો પ્રબંધ કરશે.

(૧૮) આ ફેડરેશન તદ્દન બિનરાજકીય ધોરણે (Govern by the Member for the Member of the Member) સભ્યો વડે, સભ્યો માટે, સભ્યોથી ચાલતી જાહેર સંસ્થા તરીકે કામ કરશે. હોદ્દેદારો અગર તેઓના સગા-સંબંધીઓ આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)માંથી સીધો અંગત કે આડકતરી રીતે કોઈ લાભ લઈ શકશે નહીં. આ ચેરીટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)નો ઉપયોગ માનવીય મૂલ્યોનાં વિકાસ અને જતન માટે થશે. જેનો લાભ સમસ્ત દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજ/જાતિના લોકો લઈ શકશે.

(૧૯) આ ફેડરેશન રાજય, દેશ, પરદેશમાં સમાન ઉદ્દેશો/હેતુઓ ધરાવતા મંડળો/સંસ્થાઓનો સાથ સહકાર સાંધી શકશે, તેમની સાથે જોડાણ કરી શકશે.

(૨૦) આ ફેડરેશન નહીં નફો, નહીં નુકશાનના ધોરણે આર્થિક ઉત્કર્ષની કામગીરી બજાવશે.

(૨૧) માદરે વતનના વિકાસની યોજનાઓ ઘડશે અને તેનું સંચાલન કરશે.

(૨૨) પર્યટન, વિકાસ સાધક સ્પર્ધાઓ, જાહેર વયાખ્યાનો ગોઠવી સામાજીક, શૈક્ષણિક, આરોગ્ય અને આર્થિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપશે.

(૨૩) બીલ/એપ્લીકેશન કલેકશન સેન્ટરો ચલાવવા.

(૨૪) સમાજના લોકોને વ્યસન મુકત કરવા.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનનું મેમોરેન્ડમ ઓફ એશોશિએશન તથા ધારાધોરણો તૈયાર કરીને તા.૧૮/૧૦/૨૦૦૭ના રોજ મદદનીશ ચેરીટી કમિશનરશ્રી, સુરત પાસે મંડળીઓની નોંધણી અધિનિયમ તથા મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું.

**રજીસ્ટ્રેશન થયા બાદ ફેડરેશન દ્વારા નીચે મુજબ સમાજ ઉપયોગી કાર્યવાહી કરવામાં આવેલ છે.**

(૧) દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનનું કાર્યાલય પ્રાથિમક શિક્ષક ભવન, માંડવી ખાતે તા.૨૫/૦૩/૨૦૦૭થી માન. સાંસદ ડૉ. તુષારભાઈ એ. ચૌધરીના વરદ્ હસ્તે શરૂ કરવામાં આવ્યું. આજે આ કાર્યાલય દ્વારા ચૌધરી સમાજના સભ્યોને વિના મુલ્યે સામાજીક સેવાઓ આપવામાં આવે છે. આ કાર્યાલયમાં વિના મુલ્યે નોંધણી કરી સમાજના શિક્ષિત બેરોજગારના ડેટા બેઈઝ તૈયાર કરવામાં આવેલ છે. હાલમાં ૩૦૦ જેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે. તેમના માટે પ્લેસમેન્ટની સેવાઓ આપવામાં આવે છે.

(૨) લગ્ન ઉત્સુક યુવાન/યુવતિઓના વિના મુલ્યે મેટ્રીમોનીયલ ડેટા ફોર્મ ભરાવવામાં આવેલ છે.

(૩) નોકરી અંગેના જાહેરાતોના ફોર્મ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ અંગેના ફોર્મની સુવિધા ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરી વિના મુલ્યે પુરા પાડવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને વિના મુલ્યે સેવા પુરી પાડવામાં આવી છે. આ સેવા અવિરત ચાલુ છે. વ્યારા અને વાંકલ ખાતે પણ ચૌધરી સમાજના કાર્યાલયો શરૂ કરવામાં આવ્યા છે.

(૪) મહુવા તાલુકા ચૌધરી સમાજ તથા ફેડરેશનના સંયુકત ઉપક્રમે સને ૨૦૦૭-૨૦૦૮માં બે તબકકે સમુહ લગ્નોનું આયોજન કરીને ૭+૪=૧૧ યુગલોના સમુહ લગ્નો કરાવ્યા. આજ પ્રમાણે માંગરોળ તાલુકા ચૌધરી સમાજ સંગઠન અને ફેડરેશનના સંયુકત ઉપક્રમે સને ૨૦૦૭-૨૦૦૮માં બે તબકકે સમુહ લગ્નોનું આયોજન કરીને ૬+૧૮=૨૪ યુગલોના સમુહ લગ્નો કરાવ્યા. આમ ફેડરેશનની રચના થયા પછી ૩૫ ચૌધરી સમાજના યુગલોને સમુહ લગ્ન દ્વારા પ્રભુતામાં પગલા પાડવામાં આવ્યા. સને ૨૦૯-૨૦૧૦માં માંડવી ખાતે ૫૧ જોડાના સમુહ લગ્નનું આયોજન તમામ ચૌધરી સમાજોના સહયોગથી કરવા ફેડરેશન આયોજન કરી રહેલ છે.

(૫) મહુવા તાલુકા ચૌધરી સમાજ આયોજીત ફકત ચૌધરી સમાજના યુવાનોને ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઈનામ વિતરણ તથા બાલ્દા યુથ કલબ મારફતે આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફેડરેશન તરફથી ઈનામ વિતરણ કરવામાં આવેલ છે.

(૬) લગ્ન ઉત્સુક યુવક/યુવતિઓ માટે વાંકલ ખાતે તેમજ વ્યારા ખાતે પરિચય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું. આપણા સમાજના યુવક/યુવતિઓ માટે આ નવાજ પ્રકારનો અભિગમ હોઈ જોઈએ તેટલી સફળતા મળેલ નથી. પરંતુ દર વર્ષે વધુને વધુ આવા પરિચય મેળા યોજવાનું ફેડરેશન દ્વારા આયોજન કરવામાં આવશે.

(૭) ચૌધરી ડૉકટર એસોશીયેશન તથા ફેડરેશનના સંયુકત ઉપક્રમે માંડવી ખાતે, તા.૧૮/૦૫/૨૦૦૮ તથા તા.૦૭/૦૬/૨૦૦૯ના રોજ શૈક્ષિક કારકીર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નિષ્ણાંત તજજ્ઞો દ્વારા ઓડીયો તથા વિડીયો વિઝીયુઅલ પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

(૮) તા.૩૦/૦૩/૨૦૦૮ના રોજ બાલ્દા મુકામે સામાજીક ન્યાય સમિતિની બેઠક બોલાવવામાં આવી જેમાં સમાજના સગાઈ તથા લગ્નનાં ધારા-ધોરણો, જેવા કે સગાઈ વિધિ, લગ્ન વિધિ, લગ્ન વિચ્છેદ અંગેના ધારા-ધોરણોનાં સુધારા ખરડો સુધારવામાં આવ્યો. સગાઈ નોંધણી અંગેના ફોર્મ વિના મૂલ્યે માંડવી, વ્યારા અને વાંકલના કાર્યાલયોમાંથી આપવાં આવે છે.

(૯) સમસ્ત ચૌધરી સમાજના ઉત્થાન માટે વિવિધ કામો કરવા માટે ૧૭ જેટલી જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવેલ છે. જેમાં સ્વૈચ્છાએ કામ કરવા માટે સમાજના સભ્યોને નિમંત્રણ આપવામાં આવે છે. જે પૈકી સામાજીક ન્યાય સમિતિ શ્રી લાલસિંગભાઈ બી. ચૌધરીનાં કન્વીનર પદે સમાજના ધારા-ધોરણો પ્રમાણે ખુબજ સુંદર કામગીરી કરી રહી છે. અને બે વર્ષમાં ઘણાં ગુંચવાયેલા લગ્ન વિષયક કેસોમાં સુખદ ઉકેલો લાવવામાં આવ્યા છે, અને ખુબજ સારો પ્રતિસાદ મળી રહે છે.

અન્ય ખેડૂત ઉત્કર્ષ સમિતિ પણ શ્રી બકુલભાઈ બી. ચૌધરીના કન્વીનર પદે કાર્યવાહી કરી રહી છે. મહુવારિયા ખાતે તા.૨૭/૦૭/૨૦૦૮ના રોજ ખેડૂત ઉત્કર્ષ સમિતિની બેઠક મળી હતી. જેમાં સમાજના ખેડૂતોને આદર્શ અને આધુનિક પધ્ધતિએ ખેતી કરવા સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અન્ય સમિતિઓ પણ ટુંક સમયમાં કાર્યરત કરવામાં આવશે.

(૧૦) સમાજમાંથી બે પાંદડે થયેલા સમાજના ડૉકટર, એન્જીનીયરો, વકીલો તથા અધિકારી વર્ગ સમાજના સામાજીક વિકાસના કાર્યોમાં ભાગ લે તે માટે તથા ભંડોળ એકત્ર કરવા માટે વડોદરા ચૌધરી સમાજ જન સમાજના સહયોગથી તા ૬ / ૪ /૨૦૦૮ ના રોજ વડોદરા ખાતે સમાજના અધિકારીઓનું સંમેલન રાખવામાં આવયું હતું. જેમાં ભંડોળ એકત્રીકરણ માટે કોરગૃપની રચના કરવામાં આવી.

(૧૧) ગોડસંબા, દેવગઢ તથા વાંસકુઈ ખાતે જિલ્લા પંચાયત સુરત મારફતે ચાલતી આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓનો વહીવટ ફેડરેશન હસ્તક લેવા માટે દરખાસ્તો કરવામાં આવેલ છે.

(૧૨) સુરત, તાપી અને ભરૂચ કલેકટરશ્રીઓ અને સાથે ફેડરેશન મારફતે સમાજ ભવન અને શૈક્ષણિક સંકુલો બનાવવા માટે જમીનો મેળવવા માટે પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે. વ્યારા ખાતે ટુંક સમયમાં ફેડરેશનને આ હેતુઓ માટે જમીન મળે તેવા સંકેતો પ્રાપ્ત થયા છે.

(૧૩) ચૌધરી સમાજની સંસ્કૃતિ, પ્રગતિ અને સમસ્યાઓ અને તેના ઉકેલોને પ્રતિબિંબિત કરતું ચૌધરી સમાજનું પોતાનું કહી શકાય તેવું ત્રિમાસિક સામાયિક મગેઝીન બહાર પાડવામાં આવે છે. અત્યાર સુધીમાં ત્રણ અંકો બહાર પડી ચુકયા છે. જેની છુટક કિંમત રૂ઼ા.૨૫/- છે. વાર્ષિક લવાજમ રૂ઼ા.૧૦૦/- રાખેલ છે. સમાજના દરેક સભ્યો ગૌરવભેર આ સામાયિક વાંચે તથા લેખો લખે અને જાહેરાતો આપે તેવો આગ્રહ રાખવામાં આવે છે.

(૧૪) www.chaudharifederation.com નામની ચૌધરી સમાજની તમામ વિગતો દર્શાવતી વેબસાઈટ પણ ફેડરેશન મારફતે શરૂ કરવામાં આવેલ છે. સમાજના મિત્રોને આપણી વેબસાઈટની મુલાકાત લેવા માટે ખાસ વિનંતી કરવામાં આવે છે અને વેબસાઈટ અપડેશન અંગેના સલાહ સૂચનો પણ સતત આવકાર્ય રહેશે.

(૧૫) ફેડરેશન દ્વારા દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ સાથે સંકલિત તમામ સમાજોની વિગતો દર્શાવતું સને ૨૦૦૭-૨૦૦૮નું આકર્ષક વાર્ષિક કેલેન્ડર ફકત રૂા.૧૦/-ની કિંમતે બહાર પાડવામાં આવ્યું.

(૧૬) દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ સાથે સંકલિત તમામ સમાજોના સહયોગથી વ્યારા ખાતે શૈક્ષણિક ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ધરાવતા સમાજના તેજસ્વી તારલાઓ માટે ઈનામ વિતરણ તથા સ્નહે સંમેલન સમારંભનું આયોજન  કરવામાં આવ્યું. જેમાં સમાજના ૩૦૦૦ જેટલા સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.. ફેડરેશન મારફતે સમાજના વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે સમાજના સભ્યો પાસેથી દાન એકત્ર કરીને રૂા.૧,૫૦,૦૦૦/- ની કિંમતની ૧૪૦૦૦ નંગ જેટલી સસ્તા દરની નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું.

(૧૭) ફેડરેશન મારફતે આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે સમાજના સભ્યોના ઘર બળી જવા, જેવા બનાવોમાં રૂા.૧૦,૦૦૦/-ની સહાય કરવામાં આવે છે. બે વર્ષમાં  આવા ૩ કિસ્સાઓમાં રૂા.૩૦,૦૦૦/-ની સહાય કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિજળી પડવી, સર્પદંશ, પુરમાં તણાઈ જવું. વિજળીનો કરંટ લાગવો જેવા અપમૃત્યુના કિસ્સામાં આપત્તિગ્રસ્ત કુંટુંબને રૂ. ૫,૦૦૦/-ની તાત્કાલિક રાહત આપવાની યોજના બનાવવામાં આવી છે.

(૧૮) ફેડરેશનમાં જોડાતા સમાજના તમામ સભ્યોને રૂપિયા ૧(એક) લાખ સુધીનો અકસ્માત વિમા સુરક્ષા પોલીસીનો લાભ આપવામાં આવે છે. જેનું વાર્ષિક પ્રિમિયમ ફેડરેશન મારફતે ભરવામાં આવે છે.

(૧૯) ફેડરેશન મારફતે ચૌધરી જાતિની વસ્તી ધરાવતા તમામ ગામોમાં ગ્રામ સમિતિઓની રચના કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને તા.૨૮/૧૨/૨૦૦૯ના રોજ ગુણસદા સોનગઢ ખાતે મળેલ કારોબારીમાં ગ્રામ સમિતિની રચનાના ધારા-ધોરણો નકકી કરવામાં આવ્યા.

ફેડરેશન મારફતે ફકત બે વર્ષના  ટુંકા ગાળામાં ઉપર દર્શાવ્યા મુજબના કામો આપ સૌના સાથ, સહકારથી કર્યા છે. ફેડરેશન હવે આપ સૌના આવાજ ઉષ્માભર્યા સાથ, સહકારથી ટુંકા અને લાંબા ગાળાના નીચે દર્શાવ્યા  મુજબના સમાજ ઉપયોગી કામો કરનાર છે.

## દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનના ભાવી કાર્યક્રમોની વિગતો

### :: ટુંકાગાળાના કાર્યક્રમો ::

(૧) ચૌધરી સમાજન સભ્યોને તમામ કક્ષાનું માર્ગદર્શન આપવા માંડવી, વ્યારા અને વાંકલ ખાતે હેલ્પ લાઈન સેન્ટરો શરૂ કરવા.

(૨) સમાજના વિદ્યાર્થીઓને દર વર્ષે સસ્તા દરની નોટબુક વિતરણ કરવું.

(૩) સમાજના ધોરણ-૧૦ થી કોલેજ કક્ષા સુધીના વિદ્યાર્થીઓ માટે બુક બેંક શરૂ કરવી.

(૪) સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે દર વર્ષે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવા.

(૫) સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે દાતાઓ શોધીને શિષ્યવૃત્તિઓ તથા મેડલોની યોજના શરૂ રવી.

(૬) સમાજના પ્રગતિશીલ ખેડૂતો માટે ખેતીલક્ષી માર્ગદર્શન શિબિરોનું આયોજન કરવું, ડ્રીપ ઈરીગેશન યોજનામાં સહાય અપાવવા કાર્યવાહી કરવી.

(૭) સમાજના વિદ્યાર્થીઓ, વાલીઓને શૈક્ષણિક કારકિર્દી માટે માર્ગદર્શક સેમિનારોનું આયોજન.

(૮) ફેડરેશન દ્વારા “ ચૌધરી દર્પણ ” ત્રિમાસિક સામાયિકનું સંચાલન કરવું.

(૯) સમાજના ડૉકટરો તથા લાયન્સ કલબ જેવી સંસ્થાઓના સહયોગથી આરોગ્યલક્ષી તથા રકત દાન કેમ્પોનું આયોજન કરવું.

(૧૦) સમાજનું યુવા સંગઠન તૈયાર કરી સાંસ્કૃતિક અને રમત ગમત કાર્યક્રમોનું આયોજન કરવું.

(૧૧) સમાજના રકતદાતા યુવાનોની ગ્રૃપ વાઈઝ યાદી (ડીરેકટરી) તૈયાર કરવી.

(૧૨) ફેડરેશન મારફતે દર વર્ષે કેલેન્ડર અને મેજ ડાયરી બહાર પાડવા.

(૧૩) ફેડરેશન સાથે સંકલિત તમામ સમાજોની બૃહદ્ ડિરેકટરી તૈયાર કરવી.

(૧૪) સમાજના સભ્યા દ્વારા તૈયાર થયેલા આર્ટ ચિત્રો, શિલ્પો, કૃતિઓ, અને કલાત્મક ચીજવસ્તુઓના વેચાણ માટે પ્રદર્શનનું આયોજન કરવું.

(૧૫) સમાજના સભ્યોને વ્યસન મુકત કરવા ધાર્મિક સંસ્થાઓના સહયોગથી વ્યસન મુકિત કેમ્પોનું આયોજન કરવું.

(૧૬) સમાજના શિક્ષિત યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કોચિંગ સેન્ટરો શરૂ કરવા.

(૧૭) સમાજના અપરણિત યુવક/યુવતીઓના પરીચય મેળાનું આયોજન કરવું.

(૧૮) સમુહ લગ્નોનું મોટાપાયે આયોજન કરવું.

(૧૯) સમાજના સભ્યોનો સામુહિક અકસ્માત વિમો ઉતારવાની કાર્યવાહી કરવી.

(૨૦) સમાજના ૬૦ વરસથી ઉપરના સિનિયર સિટીઝન વ્યકિતઓને ગરમ ધાબળાઓનું વિતરણ કરવું.

(૨૧) ફેડરેશન દ્વારા શરૂ કરવામાં આવેલ સમાજની વેબ સાઈટને અદ્યતન કરતા રહેવું તથા વેબ સાઈટ દ્વારા વધુને વધુ માહિતી સમાજના સભ્યોને આપવાના પ્રયાસો કરવા.

(૨૨) ચૌધરી સમાજની વસ્તી ધરાવતા દરેક ગામોમાં ફેડરેશન મારફતે ગ્રામ સમિતિઓની રચના કરવી.

(૨૩) સમાજની મહિલાઓના કલ્યાણ માટે મહિલા સંગઠનોની રચના કરીને મહિલા કલ્યાણ યોજનાઓનો લાભ અપાવવો.

## :: લાંબાગાળાના ભાવી કાર્યક્રમો ::

(૧) ફેડરેશન મારફતે ચૌધરી સમાજ ભવન તથા શૈક્ષણિક સંકુલ ઊભું કરવા આયોજન કરવું.

(૨) ચૌધરી સમાજના ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે લોન આપવાની યોજના ઘડવી.

(3) દક્ષિણ ગુજરાત માદરે વતનમાં સમાજના વિકાસ માટે યોજનાઓ કરવી, અને તેનો અમલ કરવો.

(૪) ચૌધરી સમાજની ભાષા બોલી, અને સંસ્કૃતિનું જતન કરી ડોકયુમેન્ટરી ફિલ્મ તૈયાર કરવી.

(૫) ચૌધરી સમાજના દેવસ્થાનોનો જર્ણોધ્ધાર કરવો.

(૬) ફેડરેશન દ્વારા ચૌધરી સમાજની વસ્તીવાળા તાલુકાઓમાંથી તાલુકા દીઠ ૧ ગામ ૫ વર્ષ માટે પસંદ કરી વિકાસ પાયલોટ પ્રોજેકટ તૈયાર કરી વિકાસના કામો કરવા.

આમ ઘણી બધી સમાજ ઉપયોગી કામગીરી ફેડરેશન મારફતે થઈ રહી છે. અને ભવિષ્યમાં થનાર છે. જેમાં સામાજીક સેવાની ભાવનાયુકત ચૌધરી સમાજના કોઈપણ વ્યકિત ખુશીથી જોડાઈ શકે છે. ફેડરેશનએ એક બિન રાજકીય સામાજીક સંગઠન છે, અને તે સમસ્ત ચૌધરી સમાજનું છે. આ કોઈ એક વ્યકિતનું સંગઠન નથી. આપણાં સૌનું છે. “ ટીપે ટીપે સરોવર ભરાય ” તેમ એક એક વ્યકિત મળીને

સમાજની રચના થાય છે. આપણે દરેક વ્યકિત  ચૌધરી સમાજના તો છીએ જ પણ ફેડરેશનના સભ્ય થઈશું તો ગર્વથી રહી શકીશું કે આ, આપણો સમાજ છે.

આવો વડીલો, મિત્રો,ભાઇઓ, બહેનો, આપણા સમાજ બાંધવોના ઉત્થાન માટે તન, મન અને ધનથી સહકાર આપીએ. આપણે સૌ ભેગા થઈ આપણા  સમાજ માટે કંઈક  કરીએ.

**ફેડરેશનના સભ્ય થવા માટેની વિગતો નીચે મુજબ છે.**

(૧) પ્રવેશ ફી રૂ. ૫/- (ફકત એક વખત)

(૨) નોમીનલ સભ્ય ફી રૂ. ૨૧/-

(૩) વાર્ષિક સભ્ય ફી રૂ. ૧૦૧/- (દર વર્ષે ભરવાની રહેશે)

(૪) આજીવન સભ્ય ફી રૂ. ૧૦૦૧/- (ફકત એક વખત)

(૫) સંસ્થા સભ્ય ફી રૂ. ૫૦૧/- (ફકત કારોબારી સ્વીકારશે)

(૬) શૈક્ષણિક હેતુ માટે કોપર્સ ફંડ (યથા શકિત)

(૭) દાન-ફાળો (યથા શકિત)

**અપીલ વાર્ષિક આવકનો ૧ ટકો સ્વૈચ્છીક દાનની જાહેરાત પણ આવકાર્ય છે.**

માનવતા, સ્વચ્છતા, પ્રમાણિકતા, નૈતિકતા, સમાનતા, બંધુત્વની ભાવના જેવા માનવીય મુલ્યોની બાબતમાં આપણો સમાજ અગ્રેસર છે. હવે સંગઠિત થઈને વિકાસ કરવા માટે કટીબદ્ધ થઈને ઉન્નત મસ્તકે  જીવી શકીએ તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા આપણી એકતા અને સંગઠન શકિતને વધુ મજબુત કરવા શુભ સંકલ્પ કરીએ. આ ભગીરથ કાર્યમાં આપના સહકાર તથા યોગ દાનની અપેક્ષા સહ

આપના સ્નેહાધિન

| **પ્રમુખ** | **ખજાનચી** | **મહામંત્રી** |
|---|---|---|
| શ્રી કે. ટી. ચૌધરી – વ્યારા<br>મો. ૯૮૨૫૭ ૮૪૦૪૯ | શ્રી કનુભાઈ પી. ચૌધરી – માંડવી<br>મો. ૯૪૨૬૭ ૭૫૮૬૧ | શ્રી પ્રભુદાસ બી. ચૌધરી- ગાંધીનગર.  મો. ૯૮૨૫૦ ૯૨૮૩૫ |
| **ઉપ પ્રમુખ** | **આંતરિક ઓડિટર** | **સહમંત્રી** |
| ડૉ. મહેન્દ્રભાઈ એચ. ચૌધરી – બારડોલી<br>શ્રી લાલસિંગભાઈ બી. ચૌધરી – વાલોડ<br>ડૉ. શાંતિલાલ જી. ચૌધરી – વ્યારા | શ્રી ચીમનલાલ એચ. ચૌધરી–ગાંધીનગર | શ્રી અરૂણભાઈ સી. ચૌધરી –વડોદરા<br>શ્રી નિતીનભાઇ વી. ચૌધરી- સુરત<br>શ્રી બુધીલાલ આર. ચૌધરી- કડોદ |
| **સંગઠન મંત્રી** | **સંગઠન મંત્રી** | **સંગઠન મંત્રી** |
| શ્રી નયનભાઈ ટી. પાવગઢી<br>-નળધરા (મહુવા) | શ્રી વિનોદભાઈ ડી. ચૌધરી<br>ખરજાઈ (વાંસદા) | શ્રી કાનજીભાઈ સી. ચૌધરી<br>નવી જામુની(વાલીયા) |

**કારોબારી સભ્યો**

| | | |
|---|---|---|
| શ્રી નટુભાઈ ડી. ચૌધરી, ગાંધીનગર | શ્રી હરિશભાઈ એલ. ચૌધરી, બેડકુવા(વાલોડ) | શ્રીમતી કલ્પનાબેનવી.ચૌધરી, મઢી(બારડોલી) |
| ડૉ. સુરેશભાઈ બી. ચૌધરી, વ્યારા | શ્રી ડૉ. રાયસિંગભાઈ બી. ચૌધરી, સુરત | શ્રી ધનસુખભાઈ એન.. ચૌધરી,સાબરીયા(વાલીયા) |
| શ્રી રમેશભાઈ એલ. ચૌધરી, વ્યારા | શ્રી કનુભાઈ યુ. ચૌધરી,આંબાવાડી(માંગરોલ) | શ્રી ચંપકભાઈ એમ. ચૌધરી, વાંસકુઈ(વ્યારા) |
| શ્રી કિશોરભાઈઆર.ચૌધરી, બલેઠી(માંડવી) | શ્રી હિતેન્દ્રભાઈબી.ચૌધરી, નાંદોલા(માંગરોલ) | શ્રી કેસુરભાઈ એ. ચૌધરી, સુરત |
| શ્રી ગિરીશભાઈ સી. ચૌધરી, માંડવી | શ્રીમતી અંજનાબેન વી. ચૌધરી, વેડછી | શ્રી અશોકભાઈ વી. ચૌધરી, ભરૂચ |
| શ્રી વિજયકુમાર જી. ચૌધરી, બારડોલી | સુશ્રીનંદુબેનસુરેશભાઈચૌધરી,મોટીચેર(માંડવી) | શ્રી વસંતભાઈ વી. ચૌધરી, ભરૂચ |
| શ્રી રામુભાઈ આર. ચૌધરી,હરીપુરા( કડોદ) શ્રી | શ્રી મહેન્દ્રભાઈ એમ. ચૌધરી મનપુર(વાંસદા) | ડૉ. શૈલેષભાઈ જે. ચૌધરી, માંડવી |
| બકુલભાઈ પી. ચૌધરી, બારડોલી | શ્રીલલ્લુભાઈ કે. ચૌધરી ઉખલદા(સોનગઢ) | શ્રીમતી નવિનતાબેન બી. ચૌધરી, મોરદેવી(મહુવા) |
| શ્રી વિલાસભાઈબી. ચૌધરી,મઢી(બારડોલી) શ્રી | શ્રી કેશવભાઈઆર. ચૌધરી, ધજાંબા(સોનગઢ) | શ્રી જીતુભાઈ વી. ચૌધરી, અરેઠ (માંડવી) |
| દિલીપભાઈ એમ. ચૌધરી, મહુવરીયા | | |